# આપણી વાત

**સંકલન : પ્રફુલ્લ રાવલ**

### પુસ્તક-પ્રદર્શન

ગુજરાતી સાહિત્ય પરિષદ-સંચાલિત ચી. મં. ગ્રંથાલયમાં કૉલેજ અને યુનિવર્સિટીના ગુજરાતી વિભાગનાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને અનુલક્ષીને દર મહિનાની ૧૭મી તારીખે યોજાતા પુસ્તક-પ્રદર્શન અન્વયે આ વખતે ઑક્ટોબરમાં શ્રી જ્યોતીન્દ્ર દવેના જન્મદિન (૨૧/૧૦) નિમિત્તે હાસ્યસાહિત્યનું પ્રદર્શન તા. ૧૬ થી ૨૭ ઑક્ટોબર સુધી રાખવામાં આવ્યું હતું. જેનો પ્રફુલ્લભાઈ રાવલ, માધવ રામાનુજ, લાલુભા ચૌહાણ ઉપરાંત અન્ય સાહિત્યરસિકોએ લાભ લીધો હતો.

શ્રી પરીક્ષિતભાઈના આયોજન મુજબ યોજાતા આ પ્રદર્શનની ‘નવગુજરાત સમય’, ‘ગુજરાત સમાચાર’ અને ‘દિવ્ય ભાસ્કર’ના પત્રકારોએ પણ નોંધ લીધી હતી.

### એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ

તા. ૯-૧૦-૨૦૧૮, મંગળવારે શ્રી ગોવર્ધન સ્મૃતિમંદિરમાં એની સરૈયા લેખિકા પ્રોત્સાહન નિધિ બેઠકમાં યોગેશ જોશીના માર્ગદર્શનમાં બહેનોએ સ્વરચિત કાવ્યો અને વાર્તાનું પઠન કર્યું હતું. આ બેઠકમાં ટૂંકી વાર્તા અને ગઝલ-ગીત-અછાંદસની વિવિધ લાક્ષણિકતાઓની ચર્ચા પણ થઈ હતી. શ્રી પારુલ કંદર્પ દેસાઈએ બેઠકનું સુંદર સંચાલન કર્યું.

### રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ વ્યાખ્યાન

રવીન્દ્રભવન, ગુજરાતી સાહિત્ય પરિષદઅંતર્ગત તા. ૧૦-૧૦-૨૦૧૮ના રોજ શ્રી પ્રફુલ્લ રાવલે ‘ચારિત્રકાર રવીન્દ્રનાથ’ વિશે વક્તવ્ય ગોવર્ધન સ્મૃતિમંદિર, ગુજરાતી સાહિત્ય પરિષદમાં આપ્યું હતું. આ કાર્યક્રમમાં સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા. શૈલેશ પારેખે આ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

❑

## ‘પરબ’ માટે ઈ-મેઈલ આઈડી

‘પરબ’ માટે કૃતિઓ ઇમેઇલ દ્વારા મોકલી શકાશે. ‘પરબ’નું ઈ-મેઇલ આઈડી : parabgsp@gmail.com